ક્ર:પીઆરઈ/૧૧૨૦૦૦/૧૮૩૨/ક/
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,સચિવાલય.
ગાંધીનગર.
તા. ૧૬/૧૦/૨૦૦૧

પ્રતિ.
-પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી.
ગુ.રા. ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.

**વિષય:-પ્રાથમિક શિક્ષકોને વાહન ભથ્થું આપવા બાબત.**

સંદર્ભ:-પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૫/૯/૨૦૦૦નો
પત્ર ક્ર:૨૯/પનસ/૧/ ૨૦૦૦/છ/ગુજ/૧૮૧૮૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે નાણાં વિભાગના તા. ૨૦/૫/૯૮ના ઠ.ક્ર. પીજીઆર/૧૦૯૮/૩૬/મ અન્વયે સરકારી કર્મચારીઓને વાહન ભથ્થું ચુકવવા અંગે હુકમો કરવામાં આવેલ છે. આ હુકમો પંચાયતના કર્મચારીઓને પણ અક્ષરશઃ લાગુ પાડવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષકો પંચાયતના કર્મચારીઓ ગણાતા હોય તેમને પણ વાહન ભથ્થું આપવા પાત્ર છે.

વાહન ભથ્થું મંજૂર કરવા અંગે ખાતા- કચેરીના વડાએ નાણાં વિભાગે ઠરાવેલ નમુનામાં પ્રમાણપત્ર આપવાનું રહે છે. પ્રાથમિક શિક્ષકોએ તમના નોકરીના સ્થળે રહેવાનું ફરજીયાત છે. પરંતુ મકાન નમળવાને કારણે અથવા અન્ય કારણોસર તેઓ નોકરીના સ્થળે રહી શકતા નથી. પરંતુ નજીકના સ્થળે રહેવાનું મકાન રાખી રહેઠાણથી નોકરીના સ્થળે અપડાઉન કરે છે.

આવા કિસ્સામાં નાણાં વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ તેમણે નોકરીના સ્થળે ન રહેવા અને નજીકના સ્થળે રહેવા માટે સક્ષમ અધિકારી (જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી) ની પૂર્વ મંજૂરી મેળવવી ફરજીયાત છે.

જે તે પ્રાથમિક શિક્ષકો એ આવી મંજૂરી મેળવી હોય તેવી મંજૂરીના દાખલા અને પે સેન્ટરના આચાર્યનું પ્રમાણપત્ર કે રહેઠાણ અને ફરજના સ્થળ વચ્ચે ૧ કિ.મી. કરતા વધારે અંતર છે. ના આધારે સંબંધકર્તા તાલુકા વિકાસ

અધિકારીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે તેમના રહેઠાણ અને નોકરીના સ્થળ વચ્ચે ૧ કિ.મી. થી વધારે અંતર છે. અને ત્યાર બાદ જ વાહનભથ્થું સંબંધિત અપડાઉન કરતા શિક્ષકને મળવાપાત્ર થશે.

આ સૂચનાની જાણ તમામ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, અને તમામ પે સેન્ટરનાશાળાને જાણ આપશ્રી દ્વારા તાત્કાલિક કરવાનો રહેશે. સદરહુ સુચનાનો અમલ આ સુચનાની તારીખથી કરવાનો રહેશે.

સહી—
(મહેશભાઈ શાહ)
સેકશનઅધિકારી
શિક્ષણ વિભાગ

ક્રઃરવ/પનસ/૧/૨૦૦૧/છ/ગુજ/૧૯૨૯-૫-૩૨૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨,પહેલે માળ,
જુના સચિવાલય,ગુ.રા. ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૦૧

નકલ રવાના જાણ અને કાર્યવાહી અર્થે:-

પ્રતિ,

૧/-જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત,
તમામ

૨/-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ,
તમામ

શિક્ષણ વિભાગની ઉપર નિર્દિષ્ઠ સૂચનાને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષકોને વાહનભથ્થું ચુકવવાની જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત તમામને સૂચના આપવા આથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

(સહી)
(પી.બી.ગઢવી)
શ્રેયાન અધિક્ષક
પ્રાશિ.,ગુ.રા. ગાંધીનગર.

જા.નં./જિ.શિ.સ/ ૪૩૨/૨૦૧
જિલ્લા શિક્ષણ સમિતિ મહેસાણા.
તા. 22-11-2001